Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-2, September-2019
Impact Factor:4.081
www.researchguru.net

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને આદિવાસી મહિલાઓનું આર્થિક સશકિતકરણ: એક અભ્યાસ

**ડો. દિપક જી. ભોયે**

આસીસ્ટન્ટ પ્રોફેસર, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

મોબાઈલ નંબર: ૯૪૨૭૮૬૪૩૯૧

***સારાંશ:*** *ભારતમાં લગભગ ૬૭.૮ % જેટલી ગ્રામીણ સમુદાયની વસ્તી વસે છે (વસ્તીગણતરી:૨૦૧૧). જેમાં નબળા વર્ગના જેવા કે, આદિવાસી ખેડૂતો, નાના સિમાંત ખેડૂતો, કૃષિ શ્રમીકો, દુષ્કાળ અને પુર પ્રભાવિત ખેડૂતો વગેરે સમુદાયના ખેડૂતો નબળા વર્ગના ખેડૂતોમાં આવે છે. તેથી સમાજના નબળા વર્ગો અને ખાસ જરૂયિાતમંદોને પ્રારંભથી જ ઉત્પાદકિય અસરોનો સામનો કરવો પડે છે. ગ્રામીણ નબળા વર્ગોની ખેતી અને આનુસંગિક એવી વિભિન્ન વર્તાતી કમીઓને દુર કરવા માટે સમગ્ર દેશમાં કુલ ૬૯૫ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો છે. ગુજરાત રાજયમાં ચાર કૃષિ યુનિવર્સિટીઓ દાંતીવાડા, જુનાગઢ, આણંદ અને નવસારી ખાતે આવેલ છે. રાજયની આ તમામ કૃષિ યુનિવર્સિટીઓના કાર્યક્ષેત્રમાં કુલ ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો આવેલા છે. દક્ષિણ ગુજરાત સ્થિત નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં કુલ પાંચ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો આવે છે. જેમાં, સુરત, વઘઈ–ડાંગ, વ્યારા– તાપી, નવસારી અને ડેડીયાપાડાનો સમાવેશ થાય છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *આદિવાસી, મહિલાઓ, સશકિતકરણ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર*

**પ્રસ્તાવના:**

ભારતની અર્થવ્યવસ્થામાં લગભગ ૨૬ ટકા કૃષિક્ષેત્રનો ભાગ છે. અને ૬૪ ટકા જેટલો કામદાર વર્ગ સંકળાયેલ છે. કૃષિમાં થતી વૃધ્ધિની અસરો ગરીબી નાબુદી સાથે સંબંધ ધરાવે છે. ખેતીમાં વૃધ્ધિ થવાના પરિણામે કૃષિલક્ષી વેતન દરો અને રોજગારી નિર્માણમાં વધારો થાય છે.જેના માટે રાષ્ટ્રિય સ્તરે ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રિકલ્ચરલ રિસર્ચ નામની સંસ્થા માનવ સંસાધન વિકાસને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. દેશમાં કૃષિક્ષેત્રના વિકાસ માટે ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રિકલ્ચરલ રિસર્ચ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ધ્વારા જમીની સ્તરે નોલેજ રિસોર્સ સેન્ટર ચલાવવામાં આવે છે. અને ઘણા પ્રકલ્પોનું અમલીકરણ પણ થાય છે. ભારતમાં લગભગ ૬૭.૮ % જેટલી ગ્રામીણ સમુદાયની વસ્તી વસે છે (વસ્તીગણતરી:૨૦૧૧). જેમાં નબળા વર્ગના જેવા કે, આદિવાસી ખેડૂતો, નાના સિમાંત ખેડૂતો, કૃષિ શ્રમીકો, દુષ્કાળ અને પુર પ્રભાવિત ખેડૂતો વગેરે સમુદાયના ખેડૂતો નબળા વર્ગના ખેડૂતોમાં આવે છે. તેથી સમાજના નબળા વર્ગો અને ખાસ જરૂયિાતમંદોને પ્રારંભથી જ ઉત્પાદકિય અસરોનો સામનો કરવો પડે છે. ગ્રામીણ નબળા વર્ગોની ખેતી અને આનુસંગિક એવી વિભિન્ન વર્તાતી કમીઓને દુર કરવા માટે સમગ્ર દેશમાં કુલ ૬૯૫ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો છે.

ગુજરાત રાજયમાં ચાર કૃષિ યુનિવર્સિટીઓ દાંતીવાડા, જુનાગઢ, આણંદ અને નવસારી ખાતે આવેલ છે. રાજયની આ તમામ કૃષિ યુનિવર્સિટીઓના કાર્યક્ષેત્રમાં કુલ ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો આવેલા છે.

દક્ષિણ ગુજરાત સ્થિત નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં કુલ પાંચ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો આવે છે. જેમાં, સુરત, વઘઈ–ડાંગ, વ્યારા– તાપી, નવસારી અને ડેડીયાપાડાનો સમાવેશ થાય છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડૂતોનાં સર્વાંગી વિકાસ સાધવા માટે કેટલાંક નીચે મુજબના હેતુઓસર કાર્યો કરે છે.

(૧) ખેડૂતો અને ગ્રામ્ય યુવાનો કૃષિ અને સંલગ્ન વ્યવસાયોમાં વધું ઉત્પાદન અને સ્વરોજગાર પ્રાપ્ત કરી શકે તે માટે કામ કરતા શીખવવું એ રીતે સુઆયોજિત ટુંકા અને લાંબા ગાળાની તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું.

(૨) નવી ટેકનોલોજીની ચકાસણી માટે ખેડૂતોના ખેતર પર અખતરા ગોઠવવા

(૩) ગૃહ વિજ્ઞાન , કુટિર ઉદ્યોગો વગેરે વિશે તાલીમ આપવી.

(૪) વિવિધ વિસ્તારોમાં સર્વે કરી ત્યાંના સંશાધનો વિશે માહિતી મેળવી તાલીમની જરૂરિયાતો અને તેને અનુરૂપ આયોજન કરવું.

ભારત સરકારના કૃષિ મંત્રાલયના ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ ધ્વારા દરેક જિલ્લામાં એક કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સ્થાપવાની મંજુરી આપેલી છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ધ્વારા વિસ્તારને અનુકુળ વિવિધ પાકોની ખેતી પધ્ધતિ અંગેની તાલીમ, જળ અને જમીન વ્યવસ્થાપન તાલીમ, બાગાયતી પાકો( ફળ, ફૂલ અને શાકભાજી)ની ખેતીને લગતી તાલીમ, ખેતી પાકોમાં સંકલિત રોગ જીવાત નિયંત્રણની તાલીમ, આધુનિક પિયત પધ્ધતિ વિશેની તાલીમ, બાળ ઉછેર, સ્ત્રી આરોગ્ય અને સમતોલ આહાર અંગેની તાલીમ,પશુપાલન, મરઘા–બતકા પાલનની તાલીમ, મશરૂમ ઉત્પાદનની તાલીમ, ગ્રીન હાઉસ ટેકનોલોજીની તાલીમ, જૈવિક નિયંત્રકો, જૈવિક ખાતર બનાવવાની તાલમ, અનાજ સંગ્રહ અને મૂલ્યવર્ધનની તાલીમ, કૃષિ આધારિત રોજગારલક્ષી તાલીમ વગેરે વિવિધ પ્રકારની તાલીમોથી ગ્રામીણ ખેડૂતો, પશુપાલકો, મહિલાઓને ગૃહ ઉદ્યોગની આર્થિક પ્રવૃતિઓ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વ્યારા ધ્વારા પણ કેટલાંક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તેથી આ કેન્દ્ર ધ્વારા દત્તક લીધેલ દેગામા ગામની મહિલાઓના આર્થિક સશકિતકરણની પરિસ્થિતિને જાણવાનો અહીં પ્રયત્ન કરેલ છે.

**સંશોધન પધ્ધતિ:**

કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ધ્વારા દર ત્રણ વર્ષે નિયત કરેલા માપદંડોના આધારે દત્તક ગામોની પસંદગી કરીને ગ્રામીણ ખેડૂતોની કૃષિ તેમજ સંલગ્ન પ્રવૃતિઓ જેવી કે, કૃષિ, પશુપાલન, ગૃહ ઉદ્યોગ, સ્વ સહાય જૂથો તૈયાર કરી મહિલાઓને આર્થિક પ્રવૃતિઓ સાથે જોડવા વગેરે અંગે જરૂરી પ્રૌદ્યોગિક જ્ઞાન અને તાલીમો પુરી પાડીને ગ્રામીણ ખેડૂતો, પશુપાલકો, મહિલાઓનું આર્થિક સશકિતકરણ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. તેથી આવી પ્રવૃતિઓના કારણે આદિવાસી

મહિલાઓની આર્થિક પરિસ્થિતિ ઉપર કેવા કેવા પ્રકારની અસરો પડી છે તે અંગે પધ્ધતિસર તપાસ કરવું જરૂરી હતુ.

પ્રસ્તુત સંશોધન પત્ર તાપી જિલ્લાના વ્યારા ખાતે કાર્યરત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંતર્ગત આદિવાસી મહિલાઓનું આર્થિક સશકિતકરણ વિષયક છે. તેથી વ્યારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંતર્ગત દત્તક લીધેલ ગામો પૈકી **દેગામા** ગામને ધ્યાનમાં રાખી ખેતી, પશુપાલન, ગૃહ ઉદ્યોગની પ્રવૃતિ કરતા અને સ્વ સહાય જૂથોના મહિલા લાભાર્થીઓનું આર્થિક સશકિતકરતના સંદર્ભમાં પ્રસ્તુત શોધ પત્ર તૈયાર કરેલ છે. અહીં નોંધવું જોઈએ કે આ શોધ પત્ર માસ્ટર ઓફ રૂરલ સ્ટડિઝના વિદ્યાર્થીઓના લઘુશોધ દરમિયાન એકત્રિત કરેલ પ્રાથમિક માહિતી આધારિત છે. તેમજ ગૌણ સ્ત્રોતો તરીકે વસ્તી ગણતરી, અહેવાલો અને સંશોધન પત્રોનો આધાર લીધો છે. આદિવાસી સમુદાયમાં કૃષિ વિકાસ અને કૃષિ સંલગ્ન ક્ષેત્રો જેવા કે, પશુપાલન, બાગાયત, મત્સ્યપાલન, મરઘા પાલન અને ગૃહ ઉદ્યોગ વગેરે ક્ષેત્રો આદિવાસીઓની આર્થિક પ્રવૃતિના મુખ્ય સ્ત્રોતો છે.

આદિવાસી સમુદાયમાં આર્થિક પ્રવૃતિના કાર્યોમાં મહિલાઓની ભૂમિકા ખુબજ મહત્વની છે. ખેતીક્ષેત્રે આદિવાસી મહિલાઓ મુખ્યત્વે ખેતર તૈયાર કરવું, બીજની વાવણી, આંતર પાકોમાં નિંદણ અને છોડના રક્ષણ માટેના પગલા, લણણી, ખાતર તૈયાર કરવુ અને પાકમાં આપવું વગેરે કામોમાં સક્રિય રીતે સંકળાયેલી હોય છે. તેવીજ રીતે પશુપાલનમાં પશુમાટે ઘાસચારો, ખાણ દાણ, દુધ દોહવુ, વાસીદું તેમજ નાના વાછરડાઓની સારસંભાળ વગેરે કાર્યમાં આદિવાસી મહિલાઓની કામગીરી મુખ્ય છે. આદિવાસી મહિલાઓ આવી આર્થિક પ્રવૃતિઓ પાછળ શ્રમશકિત અને વધુ સમય આપતી હોવા છંતા તેમની પરંપરાગત પધ્ધતિથી થતી આર્થિક પ્રવૃતિઓના કારણે તેમની આર્થિક પરિસ્થિતિમાં ઝડપી પરિવર્તન આવતું નથી. તેથી જ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ધ્વારા વિસ્તારલક્ષી વ્યુહરચનાઓ અને પ્રૌદ્યોગિકી માર્ગદર્શન પુરુ પાડી આદિવાસી મહિલાઓનું આર્થિક સશકિતકરણ કરવા ઉપર ભાર મુકેલ છે. જેના પરિણામે કૃષિ વિજ્ઞાન કેન્દ, વ્યારા અંતર્ગત આદિવાસી મહિલાઓના આર્થિક સશકિતકરણ માટે હાથ ધરવામાં આવેલ આર્થિક પ્રવૃતિઓ અંગેની તાલીમો અને માર્ગદર્શનના પાયે આદિવાસી મહિલાઓની આર્થિક પરિસ્થિતિમાં આવેલ બદલાવોને પ્રસ્તુત સંસોધન પત્રના તારણો નીચે મુજબ પ્રસ્તુત કર્યા છે.

**અભ્યાસના તારણોઃ–**

સામાજિક રીતે જોતાં તમામ આદિવાસી મહિલાઓ છે. કૃષિ વિજ્ઞાન કેન્દ, વ્યારા હેઠળ જે લાભાર્થી મહિલાઓને અભ્યાસના ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવી હતી, તેઓની વયજૂથને જોતાં ૩૭.૫ ટકા મહિલાઓ ૩૧ થી ૪૦ વયજૂથની હતી, જયારે ૪૧ થી વધુ વયજૂથની મહિલાઓનું પ્રમાણ ૪૧ ટકા અને ૧૮ થી ૩૦ વયજૂથની મહિલાઓ ૨૧.૫ ટકા હતી.

દેગામા ગામની તમામ લાભાર્થી આદિવાસી મહિલાઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી ૮૦ ટકા મહિલાઓ ગરીબી રેખાથી નીચે આર્થિક સ્થિતિ ધરાવનારી હતી. જયારે ૨૦ ટકા આદિવાસી મહિલાઓ ગરીબી રેખાથી ઉપર ની આર્થિક સ્થિતિ ધરાવનારી હતી. જેનો વધું ખ્યાલ તેઓના કુટુંબની વાર્ષિક આવક અનુસાર જોતાં ૫૦ ટકા મહિલાઓના કુટુંબની વાર્ષિક આવક ૫૦૦૦ થી ૧૦૦૦૦ સુધીની હતી જયારે ૩૭.૫ ટકા મહિલાઓના કુટુંબની આવક ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ સુધીની હતી. ૨૦૦૦૧ થી વધુ આવક ધરાવતા મહિલા કુટુંબોનું પ્રમાણ ૧૨.૫ ટકા હતું.

શિક્ષણની પરિસ્થિતિમાં માત્ર ૨૭.૫ ટકા મહિલાઓએ પ્રાથમિક થી ઉચ્ચતર માધ્યમિક સુધીનું શિક્ષણ ધરાવતી હતી. જયારે ૭૨.૫ ટકા મહિલાઓ નિરક્ષર હતી.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા ધ્વારા ત્રણ વર્ષ માટે દેગામાં ગામને દત્તક લઈને આ ગામના તમામ કુટુંબોને કૃષિ, પશુપાલન, ગૃહ ઉદ્યોગ તેમજ અન્ય સંલગ્ન આર્થિક પ્રવૃતિઓ માટે પ્રૌદ્યોગિકી તાલીમ અને માર્ગદર્શન પુરુ પાડી , નિદર્શન પ્રવૃતિ હાથ ધરી લોકોની પરંપરાગત આર્થિક પ્રવૃતિઓમાં બદલાવ લાવી નવી આધુનિક પધ્ધતિઓને અપનાવતા થાય, જેનાથી ગામના ખેડૂતો, પશુપાલકો આર્થિક રીતે સશકત બને તેના માટેના પ્રયાસો કર્યા છે. જેમાં ખાસ કરીને આદિવાસી મહિલાઓને કેન્દ્રમાં રાખીને પશુપાલન, કૃષિ અને ગૃહ ઉદ્યોગની પ્રવૃતિની સાથે અન્ય સંલગ્ન આર્થિક પ્રવૃતિ સાથે જોડવાથી તેમનું આર્થિક સશકિતકરણ કરવામાં આવ્યું છે. તેને જોતાં કૃષિ અને પશુપાલનનો લાભ મેળવનારી મહિલાનું પ્રમાણ ૭.૫ ટકા હતુ. ખેતી અને ગૃહ ઉદ્યોગની પ્રવૃતિ અંગેના લાભાર્થીઓનું પ્રમાણ ૫૫ ટકા અને ખેતી, પશુપાલન અને ગૃહ ઉદ્યોગની પ્રવૃતિ અંગેના લાભાર્થીઓનું પ્રમાણ ૩૨.૫ ટકા હતું. જયારે ૫ ટકા મહિલાઓ ગૃહ ઉદ્યોગ અને પશુપાલનની પ્રવૃતિ અંગેના લાભાર્થી હતા.

ખેતીની આર્થિક પ્રવૃતિને વિકસાવવામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાની ભૂમિકા મહત્વની રહી છે. ખેતીલક્ષી તાલીમ, માર્ગદર્શન, નિદર્શનનું કાર્ય હાથ ધરવાથી દેગામા ગામની મહિલા લાભાર્થીઓના મતે ૬૫ ટકા કુટુંબોએ નવી ખેતી પધ્ધતિને અપનાવેલ છે. સુધારેલ બિયારણો અને જંતુનાશક દવાઓના વપરાશથી ખેત ઉત્પાદન પહેલાની તુલનામાં વધ્યુ છે. ખેત ઉત્પાદનની વસ્તુઓનું વેચાણ ખેત ઉત્પન્ન બજાર સહકારી મંડળી હેઠળ વેચાણથી તેમને યોગ્ય બજાર ભાવ મળે છે તેથી તેમની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા અંતર્ગત આદિવાસી મહિલાઓને બાગાયતી પાકો માટે પણ જરૂરી તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. જેથી આંબા, ચીકુ અને કેળા વગેરે બાગાયતી પાકો કરતા થઈ છે.

આદિવાસીઓ ખેતી અને પશુપાલનની પ્રવૃતિ પરંપરાગત રીતે કરતા આવ્યા છે. પછાત ખેતી અને પશુપાલનની તેમની આર્થિક પરિસ્થિતિમાં ખાસ સુધારો થયો નહોતો. પરંતુ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા અંતર્ગત દત્તક ગામ દેગામાની આદિવાસી મહિલાઓને પશુપાલન અંગેની તાલીમ અને માર્ગદર્શન મળતા શંકર ગાયો ખરીદી દુધ ઉત્પાદનની પ્રવૃતિ કરતી થઈ. દેગામાં ગામમાં કુટુંબદીઠ સરેરાશ ૨.૫૫ જેટલી શંકર ગાયો છે. જેનાથી પૂરક આવક તરીકે પશુપાલન પ્રવૃતિનો વિકાસ શકય બન્યો છે. આજે ગામની ૬૨.૫ ટકા મહિલાઓ દુધ મંડળીમાં ૧ થી ૫ લીટર દુધ આપીને આવક મેળવે છે. જયારે ૩૭.૫ ટકા આદિવાસી મહિલાઓ ૫ થી ૧૦ લીટર દુધનું ઉત્પાદન દુધ મંડળીમાં આપીને આવક મેળવે છે.

આદિવાસી મહિલાઓમાંથી ૬૨.૫ ટકા મહિલાઓ મહિને ૧૦૦૦ થી ૪૦૦૦ સુધી દુધ ઉત્પાદનથી આવક મેળવે છે. જયારે ૩૭.૫ ટકા આદિવાસી મહિલાઓ ૪૦૦૧ થી ૭૫૦૦ સુધીની આવક દર મહિને મેળવતી થઈ છે. આ સિવાય જૈવિક ખેતીને પણ પ્રોત્સાહન મળ્યું છે.

આદિવાસી મહિલાઓનું આર્થિક સિવાય સામાજિક અને રાજકિય સશકિતકરણ થાય તેના માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા ધ્વારા દતક ગામના મહિલાઓનું સ્વ સહાય જૂથ રચી તેઓને નાણાકિય બચત અને આંતરીક ધિરાણ કરતી થાય તેમજ બેંકિગ વ્યવસ્થાનો ભાગ બને તેવા હેતુઓસર સ્વ સહાય જૂથમાં ૭૨.૫ ટકા મહિલાઓ જોડાયેલ છે.

આદિવાસી મહિલાઓનું આર્થિક સશકિતકરણ થાય તેના માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ,વ્યારા ધ્વારા ગૃહ ઉદ્યોગને લગતી તાલીમ અને માર્ગદર્શન પુરુ પાડવાથી ૯૨.૫ ટકા મહિલાઓ ગૃહ ઉદ્યોગને લગતી તાલીમ અને માર્ગદર્શન મેળવેલ છે. જેમાં મસાલા, જામ અને ટામેટા સોસ વગેરેની બનાવટો બનાવવાની તાલીમ મેળવી છે.

ઉપસંહાર:

આમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા ધ્વારા આદિવાસી મહિલાઓનું આર્થિક સશકિતકરણ કરવામાં ખાસ કરીને ખેતી, પશુપાલન, ગૃહ ઉદ્યોગ તેમજ સ્વ સહાય જૂથોની રચાના કરીને મહિલાઓને નબળી આર્થિક પરિસ્થિતિમાંથી ઉપર લાવવાના અથાગ પ્રયાસોના કારણે આદિવાસી મહિલાઓની આર્થિક પરિસ્થિતિમાં હકારાત્મક બદલાવો આવ્યા છે તેમજ તેમનું આર્થિક સશકિતકરણ પણ તુલનાત્મક રીતે થયેલું અનુભવાય છે.

**સંદર્ભો**

હળપતિ, કૌશિકા(૨૦૧૩) , આદિવાસીઓના આર્થિક વ્યવસાય વિકાસમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો ફાળો, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

https://icar.org.in/content/krishi-vigyan-kendra, Accessed 27/12/2018.

https://niti.gov.in/writereaddata/files/document_publication/NITIBlog27_YogeshSuri.pdf, Accessed 27/12/2018.

http://www.censusindia.gov.in/2011census/dchb/DCHB_A/24/2426_PART_A_DCHB_TAPI.pdf

Accessed 27/12/2018